॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રીવિહાર સેવા ગૃપ સંચાલિત

# મોrninગ ન્યુઝ

વર્ષ-૧, અંક - ૧   ચૈત્ર સુદ-૬, ૨૦૬૯,   તા. ૧૬-૪-૧૩

તંત્રી : ડો. સંજયભાઇ શાહ - સુરત


## ગુડ મોrninગ

મનુષ્યસહભૂવો भ्रान्तयो दुर्निवाराः ॥

ભૂલ...

કોની ન થાય ?

જન્મેલા તમામની થાય.

જો કે માણસે જન્મ લીધો

એ જ એની મોટી ભૂલ છે.

તો જન્મ્યા પછી ભૂલ કરે એમાં શું નવાઇ ?

હા,

એ ભૂલો કરે છે એ સારું તો નથી જ.

એની નાનકડી ભૂલ પણ

ચલાવી તો ન જ લેવાય.

પણ એને તુચ્છકારવો – ધિક્કારવો,

એનું અપમાન કરવું...

એ ય બરાબર નથી.

એમ કરવાથી તો

બાજી સુધરવાને બદલે વધુ બગડે છે.

તો પછી એને સુધારવા કરવું શું ?

ઉપાય એક જ દેખાય છે....

એવા આત્માઓને પ્રેમ આપો....

વાત્સલ્ય આપો....

પછી ધીરે રહીને મીઠા શબ્દોમાં હિતશિક્ષા આપો.

ગમે તેવી મોટી ભૂલો કરનારો પણ

જરૂર સુધરી જશે.

- ક્વોલિટી



# મોrninગ ટોક

હે હૃદયસ્વામી !
તું મારા જીવનનો ગુરુ બન.
અમારા વિકાસ માટે
જે કડવો મીઠો અનુભવ
કરાવવો હોય તે કરાવ.
અમારી જીવન સાધના
કદી સહેલી ન થાઓ.
જેમ સખત ગરમી અને
સખત ઠંડીથી
વૃક્ષની શક્તિ વધે છે...
તેમ સુખદુ:ખ, લાભહાનિ અને
જય-પરાજયથી
અમારા જીવન
સમર્થ-સમૃદ્ધ થશે.
અમારા જીવનના
ગમે તેટલા ટુકડા થઈ જાય
પરંતુ અમારા હૃદય
અતૂટ રહે.
અમારી નિષ્ઠામાં દુવિધા ન આવે.
બુદ્ધિ એક વાત કહે
અને હૃદય બીજી વાત...
એવી વિડંબના ન હો.
હે ભગવાન !
તું અમને અવિચ્છિન્ન હૃદયનું
વરદાન આપ.
પછી અમારી પાસેથી
ગમે તે કામ લે અને
ગમે તે હાલતમાં રાખ...
અમને મંજુર છે.

કાકાસાહેબ કાલેલકરની આ પ્રાર્થના દરેકે અક્ષરશ: કંઠસ્થ કરીને રોજ એક વખત બોલી જવા જેવી છે.

Morning Tok

# મોrninગ સ્ટોરી





## સહ અનુભૂતિ

અમેરિકાના એક શહેરમાં એક સ્ટોર હતો. ત્યાં એક બોર્ડ લાગેલ. અહીં કુતરાના બચ્ચાં-ગલૂડિયા વેચાતા મળે છે. આ બોર્ડ વાંચી એક નાનો છોકરો આ સ્ટોરમાં દાખલ થયો.

મને એક ગલૂડિયું જોઈએ છે, એની શું કિંમત છે ?

દુકાનદારે કહ્યું : ૨૦ થી ૩૦ ડોલર.

મારી પાસે તો ફક્ત ૧૦ ડોલર જ છે. તો મને તમે બતાવી શકશો ?

દુકાનદારે સ્ટાફને ગલૂડિયા બતાવવા જણાવ્યું.

સ્ટાફનો એક માણસ પાંચેક સરસ મજાના ગલૂડિયા અંદરથી લઈ આવ્યો. આમાંથી એક ગલૂડિયું પાછળ રહી ગયેલ.

કુતૂહલવશ છોકરાની નજર એ ગલૂડિયા તરફ ગઈ. એની તરફ આંગળી કરીને એણે પૂછ્યું : આ ગલૂડિયાને શું થાય છે ?

એના પગના સાંધામાં એક હાડકું નથી, એટલે તે લંગડાય છે.... અને બીજા જેટલું દોડી શકતું નથી.

નાના છોકરાએ તરત જવાબ આપ્યો : તો મારે આ જ ગલૂડિયું જોઈએ છે.

દુકાનદાર પોતાની સીટ ઉપર બેઠો બેઠો આ જોઈ રહ્યો હતો. એને નાના છોકરાની આ વાત સાંભળીને આશ્ચર્ય થયું. એણે એને બોલાવીને કહ્યું: આ ગલૂડિયું જોઈતું હોય તો હું તને Freeમાં આપી દઈશ.

છોકરાએ કહ્યું : નહિ, મને મફત તો ન જોઈએ. એની પૂરેપૂરી કિંમત હું ચુકવીશ. અત્યારે ૧૦ ડોલર રાખો. બાકીના હું તમને આવતા મહિને આપી દઈશ.

દુકાનમાલિકને આ ભલા છોકરા પર દયા આવી. પાછળથી એને પસ્તાવો ન થાય એટલે આ છોકરા સામે દલીલ કરી : કે આ ગલૂડિયું તને માથે પડશે. પાછળથી તું પસ્તાઈશ. એ લંગડાય છે. તારી સાથે એ દોડી નહિ શકે. એનાથી તને કોઈ મજા નહિ પડે.

જેવી દુકાનદારે આ વાત કરી કે છોકરો તરત ગંભીર થઈ ગયો. એણે પોતાનું પેન્ટ ઊંચું લીધું અને પોતાનો ડાબો પગ બતાવ્યો... જ્યાં પગ ઉપર કરેલા ઓપરેશન પછી સ્ટીલનું એક સ્ટેન્ડ બાંધેલ હતું.

એણે કહ્યું : સર ! હું પણ ઉતાવળથી દોડી કે ચાલી શકતો નથી. મને લાગે છે આ નાના ગલૂડિયાને એવા સાથીદારની જરૂર છે - જે તેને સમજી શકે.

અને એ સાથીદાર તરીકે મારાથી વધુ યોગ્ય બીજો કોઈ હોય એવું હું માનતો નથી.

દુકાનદારની આંખો ભીની થઈ ગઈ. ૧૦ ડોલર આપીને બાળકે ગલૂડિયા સાથે વિદાય લીધી. દુકાનદાર ક્યાંય સુધી બંનેને રસ્તા પર ધીરે ધીરે જતાં જોઈ રહ્યો.



# મોrninગ વિહાર

## વિહાર સેવા ગ્રુપનું ઉદ્‌ભવસ્થાન

–પં. મહાબોધિ વિજય

વિ. સં. ૨૦૬૫નું અમારું ચાતુર્માસ ભિવંડીમાં થયું. ચાતુર્માસ પૂર્ણ થયા બાદ અમે ભિવંડી ઓસવાલ પાર્કમાં આવ્યા. ત્યાં ઉપધાન તપનો પ્રારંભ થયો. કારતક વદ-૯ નો દિવસ હતો. શિયાળાની મોસમ હતી. સવારનો સમય હતો ઠંડીને લીધે ઉપાશ્રયના તમામ દરવાજા બંધ કરીને અમે બેઠા હતા. પણ સવારે લગભગ ૮:૦૦ વાગે એક કાળમુખા સમાચારે દરવાજા બંધ હોવા છતાં અંદર પ્રવેશ કરીજ લીધો... એ સમચાર હતા, મહેસાણા નજીક ચાર સાધ્વીજી ભગવંતનો થયેલો જીવલેણ અકસ્માત. એક જ પરિવારના એ ચાર સાધ્વીજી ભગવંતના અકસ્માતે બે દિવસ સુધી દિવસની ભૂખ અને રાતની નિંદ હરામ કરી નાંખી. ત્રીજા દિવસે થોડી કળ વળી ત્યાં વળી એકવાર સવારના સમયે એજ બંધ બારણામાંથી કાળમીંઢ પથ્થરને પણ ધ્રુજાવી નાંખે એવા સમાચાર આવ્યા. એ સમાચાર હતા... વિશ્વપ્રસિદ્ધ, વિદ્વદ્વર્ય પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજને અકસ્માત.

આ સમાચાર સાંભળ્યા પછી હૈયું ઝાલ્યું ન રહ્યું. એ વખતે આંખમાં ભલે આંસુ હતા, પણ અંતરમાં આગ પ્રગટી ચૂકી હતી. અકસ્માતનો સીલસીલો જો આમને આમ ચાલ્યા કરશે તો પરમાત્માનું શાસન કેમ ચાલશે ? હવે કાંઈક તો કરવું જ પડશે. આ આગની સાથે ગુણાનુવાદની સભા ગોઠવાઈ. એક બાજુ શાસનનો રાગ હતો, બીજી બાજુ અંતરમાં આગ હતી. આ રાગ અને આગના મિશ્રણથી થયેલા ગુણાનુવાદમાં સંઘને કેટલાક પ્રશ્નો પૂછાઈ ગયા.

તમારું સંતાન કોલેજમાં જાય કે કોલેજથી છૂટે ત્યારે, તમારા પતિ ઓફિસે જાય ત્યારે, કે તમારી પત્ની પીયર જાય ત્યારે કલાકે-કલાકે મોબાઈલ દ્વારા તું ક્યાં છે ? તું ક્યારે પહોંચીશ ? વગેરે પ્રશ્નો કરી મનનું સમાધાન મેળવનારા આપણે શું આપણા ગુરુભગવંતો સામા મુકામે બરાબર પહોંચી ગયા કે નહિ એની કાળજી લઈએ છીએ ખરા ?

પ્રભાવક આચાર્ય ભગવંતો આપણા ગામમાં પધારે ત્યારે આપણે એમને સામે લેવા જઈએ, વાજતે-ગાજતે આપણા સંઘમાં પધરાવીએ... પણ એજ ગુરુભગવંતો આપણા સંઘમાંથી વિહાર કરે ત્યારે એમને સામે ગામ-સામા સ્ટેશન સુધી પહોંચાડવા જનાર કેટલા ?

સભામાંથી મારા પ્રશ્નનો કોઈ પ્રત્યુત્તર ન હતો. મેં મારી વેદનાને વધુ વાચા આપી. અમે ૨૫ સાધુ એક આચાર્ય ભગવંતની સાથે મુંબઈના એસ.વી. રોડ પરથી વિહાર કરતા હોઈએ, એજ વખતે સામેથી સ્થાનકવાસી સંપ્રદાયના બે નાના સાધુ કે

મહાસતી જો સામેથી આવશે... ત્યારે અમારું મસ્તક શરમથી નીચે નમી જશે. કારણ કે એ બે નાના સાધુ કે સાધ્વી હશે તોય એમની સાથે વિહારમાં એકાદો શ્રાવક કે શ્રાવિકા હશે... જ્યારે અમારી સાથે આચાર્ય હોવા છતાં સમ ખાવા પૂરતો એક શ્રાવક પણ નથી હોતો.

યાદ રાખજો...

ભગવાન મહાવીરને તીર્થંકર બનાવનાર નંદનઋષિના ભવની ૨૦ સ્થાનક તપની આરાધના હતી, પણ એમને સમ્યગ્દર્શન અપાવનાર તો નયસારના ભવમાં એમણે કરેલ સાધુ ભગવંતોની વિહારસેવા હતી. એમણે સાધુ ભગવંતોને દ્રવ્ય માર્ગે ચઢાવ્યા... તો સાધુ ભગવંતે એમને ભાવમાર્ગે ચડાવ્યા.

આવશ્યક નિર્યુક્તિ આદિ ગ્રંથોમાં તીર્થંકર નામકર્મ બાંધવાના ૨૦ સ્થાનક બતાવ્યા છે. એમાં સત્તરમું સ્થાન છે, વૈયાવચ્ચ સમાધિ. આ સ્થાનકમાં આચાર્યાદિ ૧૦ ની ૧૩ પ્રકારે વૈયાવચ્ચ કરવાનું જણાવ્યું છે. જેમાંના બે પ્રકાર છે :

(૧) વિહાર કરતા સાધુ ભગવંતને સહાય કરવી. (સાથે જવા દ્વારા)

(૨) વિહારમાં દુષ્ટ પુરુષ/ચોર વગેરેથી સાધુનું રક્ષણ કરવું.

આ રીતે વૈયાવચ્ચ કરવાથી સાધુ ભગવંતને સમાધિ મળે છે. જ્યારે આવી સેવા કરનારા તીર્થંકરનામકર્મ બાંધે છે. આજના કાળમાં આ સેવાની વધુ આવશ્યકતા છે. બિમાર સાધુની સેવામાં જેમ વિશેષ લાભ છે, તેમ વિહાર કરતા સાધુને સહાય કરવામાં ય વિશિષ્ટ લાભ છે.

આટલું કહીને મેં મારું પ્રવચન પૂરુ કર્યું. પ્રવચનનું શું પરિણામ આવશે એની કોઈ પણ અપેક્ષા રાખ્યા વગર હું મારા આસન પર બેઠો.

થોડીવાર થઈ ત્યાં એક યુવાન આવ્યો. એણે કહ્યું : આજનું પ્રવચન સાંભળીને અમે નક્કી કર્યું છે કે... ભિવંડીથી જે પણ ગુરુભગવંતો વિહાર કરે તેમને એક સ્ટેશન સુધી વળાવવા જશું.

હું એને-એના ઉત્સાહને જોઈ રહ્યો. મેં એને કહ્યું : નિર્ણય કરતા પહેલા વિચારી લેજે. જેથી ભવિષ્યમાં પાછા પડવાનું ન થાય. એ એના સંકલ્પમાં મજબૂત હતો.

નવ યુવાનોના ગ્રુપથી શરુ થયેલ આ સેવામાં પછી તો 'लोग चलते रहे, कारवां बनता गया' ના ન્યાયે અનેક યુવાનો જોડાઈ ગયા. છેલ્લા ત્રણ વર્ષથી સતત ચાલતી આ સેવા આજે પણ અખંડપણે ચાલે છે. એટલું જ નહિ, આ યુવાનોની નિઃસ્વાર્થ વિહારસેવાને જોઈને મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આજ સુધીમાં બીજા અનેક સેન્ટરો ખૂલી ગયા છે. એ આનંદની વાત છે.



આ લેખ વાંચીને તમને પણ તમારા સંઘમાં જો વિહાર સેવા ગ્રુપ ચાલુ કરવાની ઇચ્છા થાય તો ચાલુ કરી દેજો. આના કોઈ મુહૂર્ત જોવાના ન હોય.



# મોર્નિંગ પાઠશાળા

સંકલન :
જીતુભાઇ સર – મુલુંડ
(મો.) ૦૯૨૨૪૩૬૦૧૮૩

પ્રસંગ પોતાનો હોય, પૈસા ઉધાર લાવેલા હોય તો ?
લગ્ન પોતાના હોય, દાગીના ઉછીના લાવેલા હોય તો?
શરીર પોતાનું હોય, કપડાં બીજાના માગીને લાવેલા હોય તો ?
પરિવાર પોતાનો હોય, ઘર ભાડે લીધેલું હોય તો ?

તો ભાડૂતી દાગીનાં, પૈસા વગેરેથી એક-વાર પ્રસંગ હજી સચવાઇ જાય, પણ જિંદગી-ભર સુધી એનો ખટકો તો રહે જ. પ્રત્યેક સજ્જન માણસની ઊંડે ઊંડે એવી ઇચ્છા અચૂક હોય... કે હું મારા પગ પર ઊભો રહું, અર્થાત્ હું કોઇને પરાધીન ન રહું.

પણ આશ્ચર્ય ! સંસારની બાબતમાં આટલા સાવધ રહેનારા શ્રાવકો-ઘણીવાર ધર્મની બાબતમાં સાવ કેરલેસ દેખાતા હોય છે. એમને ન આવડે સરખું ગુરૂવંદન કે ન આવડે ચૈત્યવંદન. પ્રતિક્રમણ તો દૂરની વાત છે... સામાયિક લેવા/પારવાની વિધિનાય ઘણીવાર ફાંફા હોય છે. અને કમાલ ! આ ક્ષેત્રમાં પોતે ભોટ હોવા છતાં નથી હોતો એને કોઇ ખટકો કે નથી એની કોઇ ફીકર. અને હોય પણ ક્યાંથી ? કારણ કે ચૈત્યવંદન શ્રાવિકા કરાવી આપે છે. ગુરૂ પાસે તો આવવાનું હોતું જ નથી. અને સામાયિકનો વારો લગભગ પર્યુષણ દરમિયાન આવતો હોય છે. એટલે સમૂહમાં લેવાનું અને સમૂહમાં પારવાનું, પછી ખટકો થાય ક્યાંથી ?

વર્તમાનકાળમાં જૈન સંઘમાં આવા હજારો શ્રાવકો છે. જેઓ ભાડૂતી ક્રિયા કરે છે. જિન-શાસનમાં જન્મ લીધા પછી પૂરા બે પ્રતિક્રમણ તો નહિ પણ શરૂઆતના ૨૦ સૂત્રો પણ આવડતા નથી હોતા.

વર્ષોથી અનેક સંઘોમાં દેખાતી આ દયનીય સ્થિતિથી અંતરમાં પીડા થઇ. એ પીડામાંથી જેનો જન્મ થયો... એનું નામ મોર્નિંગ પાઠશાળા...

સુવિશાલગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજની પુનિત પ્રેરણાથી સહુ પ્રથમ મોર્નિંગ પાઠશાળાની શુભ શરૂઆત થઇ ઘાટકોપર (ઇસ્ટ)-૬૦ફીટ રોડના ચાતુર્માસમાં

વિ.સં.૨૦૬૪ના ચાતુર્માસમાં પર્યુષણ બાદ ભાદરવા સુદ-૧૫ના મંગળ દિવસે પ્રારંભાયેલી આ પાઠશાળામાં બે મહિનામાં ૧૫૦ જેટલા યુવાનો અને પ્રૌઢો જોડાયા. જેમાં શ્રીસંઘના પ્રમુખ અને ટ્રસ્ટી પણ જોડાયા. ખુદ સંઘના પ્રમુખ જવાહરભાઇ કહે છે... આજે કોઇ પણ ગુરુભગવંત પાસે જઇને ગુરુવંદન કરી શકતા હોઇએ તો એ મોર્નિંગ પાઠશાળાના લીધે.

એમને કદાચ આનંદ થતો હશે, પણ આપણને એ જાણીને દુ:ખ થાય છે કે આજે પણ અનેક સંઘો એવા છે જેના ટ્રસ્ટીઓને ગુરુવંદન કરતા આવડતું જ નથી. (એ કોણ બોલ્યું ? કે આજના ટ્રસ્ટીઓને ગુરુ પાસે આવવું જ નથી તો ગુરુવંદન શીખવાની જરૂર શું છે ?)

એ ચાતુર્માસ દરમિયાન મોર્નિંગ પાઠશાળાએ જે અજબગજબની પ્રવૃત્તિઓ કરી હતી.... તેનો અહેવાલ આગામી અંકમાં.

## પૂજ્યશ્રી પ્રેરિત વિવિધ પ્રવૃત્તિ....

મોrning PHOTO



વિહાર સેવા ગ્રુપ સંમેલન - ૨૦૬૮, ઉમરા જૈન સંઘ-સુરત

મોrninગ મેસેજ



સંકલન : શ્રેણિક શાહ-અમદાવાદ
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧

પ્રિય મિત્રો......

પ્રણામ.

સહર્ષ જણાવવાનું કે પૂ. પંન્યાસજી ભગવંતની શુભપ્રેરણાથી અનેક શુભકાર્યો ચાલી રહ્યા છે. જેમાં આજની નવી પેઢીને આકર્ષે એવું સુંદર સાહિત્ય, સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ, ધાર્મિક પાઠશાળાઓને ઉત્તેજન, સાધર્મિકભક્તિ, ઓપનબુક એકઝામ આદિ મુખ્ય પ્રવૃત્તિ છે.

હવે આ શુભપ્રવૃત્તિઓના મયૂરમાં એક નવું પીછું ઉમેરાઇ રહ્યું છે.... મોર્નિંગ ન્યૂઝ નામનું મેગેઝિન.

શુભચિંતન, તાત્ત્વિક લેખ, અને રસાળ કથાની સાથે સાથે વિહાર સેવા અને મોર્નિંગ પાઠશાળાને લગતી અનેક વાતોને આ પરિપત્રમાં વણી લેવામાં આવશે.

હાલમાં આ પરિપત્ર દર મહિને, બે મહિને કે ત્રણ મહિને છપાશે.... એ અમે નિશ્ચિત નથી કરતા. ઇચ્છા તો એવી જ છે... દર મહિને છાપવું. છતાં હાલમાં તો ગુરુભગવંતોની ભાષામાં બોલાય છે તેમ વર્તમાન જોગ.

મુખ્યત્વે વિહારસેવા ગૃપના સભ્યો તેમજ મોર્નિંગ પાઠશાળાના જૂના નવા મેંબરોને ઉદ્દેશીને આ પરિપત્ર છાપવાનો શુભારંભ કર્યો છે. જેથી વિવિધ ગૃપો એકબીજાની પ્રવૃત્તિથી પરિચિત થાય, પ્રભાવિત થાય, શાસનની વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થાય.

**બે-ત્રણ સૂચના :** (૧) જો આપને ત્યાં એકથી વધારે અંક આવે તો અમારા મોબાઇલ પર જાણ કરશો જેથી વધારે અંક નહિ આવે. (૨) જો આપને આ અંક વાંચવાની ઇચ્છા ન હોય તો પણ નિખાલસ પણે જણાવજો. જેથી બીજી વખત અમને ખ્યાલ રહે. આ સિવાય પણ જેને આ પરિપત્રનો સ્વાધ્યાય કરવાની ઇચ્છા હોય એમણે જરૂરથી અમારો સંપર્ક કરવો. હા આ સંપર્ક પત્રથી કરજો, મોબાઇલથી નહી. (૩) વાંચ્યા પછી જો આ અંક આપને કામના ન હોય તો અમારા એડ્રેસ પર પ્રેમથી પરત કરજો. આ સિવાય બીજા કોઇ સૂચનો હોય તો અમને જરૂરથી જણાવજો. અમને ગમશે.

: સૌજન્ય :

## વિહાર સેવા ગૃપ - સુરત

**હ. કે. પી. સંઘવી પરિવાર**

Book-Post : Printed Matter

શ્રી,

પ્રકાશક : શ્રી વિહાર સેવા ગૃપ C/o. કિરીટ ગ્રાફિક્સ
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧ e-mail : kiritgraphics@yahoo.com